# હાહાકાર : શહેરમાં કોરોનાના નવા ૪૦૯ કેસ

**શહેરમાં કોરોનાનું તાંડવ : કુડાસણમાં ૫૭, સરગાસણમાં ૫૩, વાવોલમાં ૧૨, પેથાપુરમાં ૧૧, રાયસણમાં ૧૮ : સે. ૨ માં ૨૨, સે. ૨૯ માં ૧૮, સે. ૩ માં ૧૭, સે. ૧૨ માં ૧૫, સે. ૬ માં ૧૪, સે. ૨૫ માં ૧૩, સે. ૪ માં ૧૧, સે. ૫ માં ૧૨, સે. ૮ માં ૧૦, સે. ૨૨ માં ૧૦, સે. ૧૯ માં ૮ કેસ નોંધાયા : ૫ ને હોસ્પિટલમાં દાખલ કરાયા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાએ તાંડવ કર્યુ છે. આજે પહેલી અને બીજી લ્હેરના વિક્રમને તોડી એક જ દિવસમાં ૪૦૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૪૦૦ના આંકને પાર કરી ગઈ છે.

શહેરમાં કોરોનાથી એક મૃત્યુ થયાના અહેવાલો પણ છે. સે. ૪ ની એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાનું જાણવા મળેલ છે.

શહેરમાં જાન્યુઆરીના પ્રથમ ૧૮ દિવસમાં જ ૨૪૦૦થી વધુ કેસ સામે આવતાં તંત્ર પણ ચોંક્યુ છે. જોકે કોરોનાના માઈલ્ડ લક્ષણો મોટાભાગના દર્દીઓમાં જોવા મળતાં હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ લોકોએ વધુ સ્વીકાર્યો છે. તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક સૂચનાઓ આપી છે એટલુ જ નહિ સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોય ત્યાં કાયદાકીય રીતે કામ લેવાની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે સેક્ટરોમાં આજે ૨૩૦ કેસ નોંધાયા છે. સેક્ટરોમાં કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાયો છે. સે. ૧૨ કે જ્યાં સિવિલ હોસ્પિટલ આવેલ છે તે સેક્ટરોમાં ૧૫ કેસ નોંધાયા છે.

સે. ૩ માં ૧૭, સે. ૪ માં ૧૧, સે. ૬ માં ૧૪, સે. ૧૯ માં ૮, સે. ૨૫ માં ૧૩, સે. ૧ માં ૮, સે. ૮ માં ૧૦, સે. ૫ માં ૧૨, સે. ૨૮ માં ૭, સે. ૩૦ માં ૬, સે. ૨૭ માં ૬, સે. ૨ માં ૨૨, સે. ૨૨ માં ૧૦, સે. ૭ માં ૯, સે. ૨૯ માં ૧૮, સે. ૨૧ માં ૪, સે. ૨૪ માં ૩, સે. ૧૬ માં ૫ કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૪૩, કુડાસણમાં ૫૭, વાવોલમાં ૧૨, પેથાપુરમાં ૧૧, રાંધેજામાં ૪, ઝુંડાલમાં ૪, સુઘડમાં ૩, કોબામાં ૫, રાયસણમાં ૧૮, રાંદેસણમાં ૫ કેસ નોંધાયા છે.

શહેરના પ્રવેશદ્વાર જીઈબીમાં ૧ તથા ઈન્ફોસીટીમાં ૭ કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. શહેરમાં પોઝીટીવીટી રેટ ૧૫ ટકાને પાર કરી ગયેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં ૧૪૬ મહિલા દર્દી છે. ૨૫ જેટલા દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે.

આજે ૩ દર્દી ૧૦ થી ઓછી આયુ ધરાવતા નોંધાયા છે. સે. ૨ માં ૨ વર્ષનું બાળક, સે. ૪ માં ૬ વર્ષનું બાળક તેમજ સરગાસણમાં ૭ વર્ષનું બાળક સંક્રમિત થયેલ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી પાંચ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૧૩૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો નોંધાયો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે છેલ્લા ૪ દિવસમાં ૪૭૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે ૧૬૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૧૫ હજાર લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

કુડાસણ, સરગાસણમાં જે રીતે કેસો વધ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. સે. ૨, ૧૨, ૨૨, ૨૩, ૨૬, ૩, ૨૯ માં પણ કેસો જે રીતે વધી રહ્યા છે તેથી તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.



## જિલ્લાના આરોગ્યતંત્રમાં કોરોના વિસ્ફોટ ૩૧ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. જિલ્લાના આરોગ્યતંત્રમાં જ કોરોના વિસ્ફોટ થતાં તંત્રની હાલાકીમાં વધારો થયો છે.

જિલ્લા આરોગ્યતંત્રના ૩૧ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. જેમાં પાંચ મેડીકલ ઓફિસર, ૧ આયુષ તબીબ, ૨ તાલુકા મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઈઝર, ૧ ફાર્માસીસ્ટ, ૨ લેબ. ટેકનિશ્યન, ૪ મલ્ટી પરપઝ હેલ્થવર્કર, ૭ ફિમેલ હેલ્થવર્કર, ૧ ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, ૩ કોમ્યુનીટી હેલ્થ ઓફિસર, ૧ સેનેટરી ઈન્સ્પેક્ટર અર્બન, ૨ આશા વર્કર, ૨ આરોગ્યરથના સારથીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

જિલ્લાના આરોગ્યતંત્રમાં થયેલા કોરોના વિસ્ફોટને પગલે આજે જિલ્લાના લાયઝન અધિકારી તરીકે નિયુક્ત થયેલા ડૉ. ભાવસારે અધિકારીઓ સાથે બેઠક કરી સમીક્ષા કરી હતી.

દહેગામ અર્બન હેલ્થ ઓફિસના મેડિકલ ઓફિસર સહિત બે કર્મચારી પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ કીરીટસિંહ ચાવડા પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૭૪ કેસ

**૪૭ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ અપાયું : દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૨૫, કલોલમાં ૧૯, માણસામાં ૨૫ કેસ : ૧૬ વિદ્યાર્થી, ૩૩ મહિલા, ૩ સરકારી કર્મચારી, પ્રોફેસર, શિક્ષિકા, ડોક્ટર પણ સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૭૪ કેસ નોંધાયા છે. આ સાથે કેસોની સંખ્યા ૯૫૫ થઈ છે અર્થાત ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસો એક હજારની નજીક પહોંચી ગયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધ્યુ છે પરંતુ કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળતો હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી આજે બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૦ દર્દી ૨૦ વર્ષથી ઓછી વયના દર્દીઓ છે. ૬ દર્દીઓ ૬૦ વર્ષથી વધુ વયના છે.

આજે નોંધાયેલા કેસોમાં ૩૩ મહિલા, ૧૬ વિદ્યાર્થી, ૩ સરકારી કર્મચારી, ઉપરાંત પ્રોફેસર, ડૉક્ટર, ડેન્ટીસ્ટ, શિક્ષિકા, બેંકના કેશિયર અને હેલ્થ વર્કરનો સમાવેશ થાય છે.

જિલ્લાના દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૨૫, કલોલમાં ૧૯ અને માણસામાં ૨૫ કેસ નોંધાયા છે. માણસામાં કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા ૫ કેસ પૈકી ૩ કેસ દહેગામ શહેરમાં નોંધાયા છે જ્યારે ૧ કેસ પાટનાકુવા ગામે નોંધાયેલ છે. દહેગામમાં નોંધાયેલા ૩ કેસ પૈકી બે વિદ્યાર્થીનીઓ સંક્રમિત થઈ છે. દહેગામના લવાડ ગામે પણ એક કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર તાલુકામાં સાદરામાં ૪, મોટા ચિલોડામાં ૪, ઉનાવામાં ૨ તેમજ પ્રસિદ્ધ પ્રવાસધામ અડાલજમાં ૧૦ કેસ નોંધાયા છે. આ ઉપરાંત દશેલા, મોટી આદરજ, લવારપુર, દંતાલી, શેરથામાંથી પણ કેસ મળી આવેલ છે.


કલોલ તાલુકામાં આજે ૧૯ કેસ નોંધાયા છે. જેમાં કલોલ શહેરમાં ૧૦ કેસ નોંધાયા છે. કલોલ શહેરમાં વધી રહેલા સંક્રમણને લઈ તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપી છે. સેમી અર્બન વિલેજ બોરીસણામાંથી વધુ ૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત મોખાસણ, નાંદોલી, પલોડિયા, ભાડજ, ખાત્રજ, સઈજ તેમજ શાંતિગ્રામ વોટરલીલીમાંથી એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ૨૫ કેસ કોરોનાના નોંધાતાં તંત્ર ચોંક્યુ છે. માણસા તાલુકામાં આજે બે દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જેમાં એક બદપુરાનો વિદ્યાર્થી અને માણસા શહેરના વેપારીનો સમાવેશ થાય છે.

માણસા શહેરમાં આજે ૧૧ કેસ નોંધાયા છે. વેડા ગામમાં ૪, આજોલમાં ૨, પરબતપુરામાં ૨, ઉપરાંત ખડાત, મહુડી, પુંધરા, બદપુરા, બાપુપુરા અને ઈટાદરામાંથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૪૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૫૬ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૯૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમો તેમજ કન્ટેનમેન્ટ ઝોનના અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે. જિલ્લામાં આજે વધુ ૧૨૯૪ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.



વહેલી સવારે પક્ષીઓનો કલરવ મનને અજબ શાતા આપે છે. મન એકદમ પ્રફુલ્લીત થઈ જાય છે. શહેરમાં હાલમાં વૃક્ષો ખુબ ખીલ્યા છે અને તેના પર ફળો આવ્યા છે. ખાસ કરીને વડ પર ટેટા આવતા ટેટા ખાવા માટે જાત-ભાતના પંખીઓ શહેરમાં આવી રહ્યા છે. વિવિધ પ્રજાતિના પંખીઓ હાલમાં વૃક્ષો પર વિસામો લેતા અને ફળોનો આનંદ માણતા જોવા મળી રહ્યા છે.

## કોરોના કેસોના સરકારી આંકડા સામે સંક્રમણની વ્યાપકતા વધુ

**ઘરે ઘરે શરદી ખાંસી તાવનો વાવર : શહેરમાં નાગરિકોમાં કોરોના સેલ્ફ ટેસ્ટીંગ કીટનો ઉપયોગ વધ્યો : આ લહેરમાં ઘાતકતા ઓછી હોવાથી અગાઉ ઘરમાં સંઘરેલી દવાઓથી ચલાવી લેતા નાગરિકો**

ગાંધીનગર તા.૧૮

કોરોના મહામારીની ત્રીજી લહેર દેશભરમાં પ્રવર્તી રહી છે જેમાં ગાંધીનગરમાં પણ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યાનો આંકડો ચિંતાજનક આવી રહ્યો છે, જોકે આ સરકારી આંકડાની સામે હકીકતમાં કોરોના સંક્રમણની વ્યાપકતા ખૂબ વધુ હોવાનું અનુમાન પણ લગાવાઈ રહ્યું છે. શહેરમાં મર્યાદિત સંખ્યામાં કોરોના ટેસ્ટિંગ થઈ રહ્યાં છે અને બીજી તરફ આ વખતની લહેરમાં કોરોનાના લક્ષણો એટલાં ઘાતકના હોવાથી જેના ટેસ્ટિંગ થઈ શક્યા નથી તેવા નાગરિકો ઘરમાં અગાઉની લહેર વખતે સંગ્રહ કરેલી દવા થી કામ ચલાવી રહ્યા છે અથવા તો મેડિકલ સ્ટોર્સ પરથી શરદી ખાંસી તાવની દવા મેળવી જાતે ઈલાજ કરી રહ્યાં છે. કેટલાક નાગરિકો તો કોરોના ટેસ્ટિંગ માટે લાંબી લચક લાઈનોમાં ઊભા રહેવાને બદલે કોરોના સેલ્ફ ટેસ્ટિંગ કિટનો ઉપયોગ કરી લેવાનું મુનાસિબ માની રહ્યાં છે.

કોરોના મહામારીની ત્રીજી લહેરમાં સંક્રમણની ગતિ ખૂબ જ ઝડપી જણાઈ રહી છે જેથી કેસો વધવાની સંખ્યા પણ અગાઉ કરતાં ખૂબ જ વધુ ઝડપી જણાય છે. એક તરફ શહેરમાં વાતાવરણ પણ કડકડતી ઠંડી સાથે સુસવાટા મારતા પવનો અને માવઠાંની દર્શક વાળું છે જેના કારણે પણ સામાન્ય રીતે શરદી ખાંસી તાવ વગેરેની ફરિયાદો રહેતી હોય છે તેમાં કોવિંદનો વાવર ચાલી રહ્યો હોવાથી તેવા દર્દીઓને ઝડપથી કોરોના સંક્રમણ લાગી જવાની શક્યતા રહે છે. શહેરના અર્બન હેલ્થ સેન્ટરો પર જ્યાં જ્યાં ટેસ્ટિંગ થઈ રહ્યું છે ત્યાં સવારથી લાંબી લચક લાઇનો જોવા મળે છે પરંતુ મર્યાદિત સંખ્યામાં ટેસ્ટીંગ કીટો આવતી હોવાથી કે દરેકનું ટેસ્ટિંગ શક્ય બનતું નથી. વળી, આ વખતની લહેરમાં કોરોના એટલો ઘાતક જણાતો નથી કે જેમાં દર્દીને ઓક્સિજનની કમી વર્તાય કે વેન્ટીલેટર પર લઈ જવા પડે તેવી હાલત સર્જાય તેવા કિસ્સા જોવા મળતા નથી અને મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં જ સાજા થઈ જાય છે જેના કારણે પણ કેટલાંક દર્દીઓ કોરોનાના લક્ષણો હોવા છતાં ટેસ્ટ કરાવવાનું ટાળી ઘરે જાતે જ દવા લઈને આરામ કરી લેવાનું વધુ પસંદ કરી રહ્યા છે. આ સ્થિતિના કારણે એક અંદાજ મુજબ હકીકતમાં શહેરમાં સંક્રમણની વ્યાપકતા પ્રતિ પાંચ નાગરિકે એક વ્યક્તિના પૉઝિટિવ હોવા સુધીની શક્યતા વર્તાઈ રહી છે. આની અસર શહેરના મેડીકલ સ્ટોર્સ પર શરદી ખાંસી અને વિટામિનની દવાઓની ઘરાકી પરથી પણ અનુભવી શકાય છે.

### શરદી-ખાંસી-તાવ સાથે માસ્ક-સેનેટાઈઝરની માંગમાં વધારો

ગાંધીનગરમાં પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર ચલાવતાં ફોરમ ગજ્જરે જણાવ્યું છે કે "કોવિડની સારવાર માટે વપરાતી એઝીથ્રોમાઈસીન પ્રકારની દવાઓને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચવાની છૂટ નથી પરંતુ ગ્રાહકોમાં શરદી ખાંસી તાવ માટે વપરાતી પેરાસિટામોલ અને ડોલો જેવી દવાઓ અને ગળુ સાફ કરવા વપરાતી ચુસવાની ગોળીઓ સાથે વિટામીન અને બી-કોમ્પલેક્ષની ટેબ્લેટની માંગ વધુ જોવા મળે છે. આ સાથે માસ્ક અને સેનેટાઈજરની માંગમાં પણ વધારો થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં "કોવિડ હોમ કેર કીટ" બહાર પાડવામાં આવી છે જેમાં સેનીટાઈઝર માસ્ક ઉપરાંત કેટલીક દવાઓ અને વિટામિનની ગોળીઓ હોય છે તેને પણ ગ્રાહકો ખરીદી રહ્યાં છે."

## @ ગાંધીનગર

- **સુકા-ભીના કચરા માટે ડસ્ટબીન આવે છે**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે સુકા-ભીના કચરાનો વિવાદ ઘેરો બન્યો. નાગરીકોની માંગણી હતી કે સુકા-ભીનાના અલગ-અલગ ડસ્ટબીન મહાનગરપાલિકા પાસેથી મળવા જોઈએ. વિવાદ લાંબો ચાલ્યો... પણ જેવી ચૂંટણી જાહેર થઈ એવો વિવાદ વિસરાઈ ગયો. હવે મહાનગરના મેયર હિતેષ મકવાણા પોતાની ગ્રાન્ટમાંથી ગાંધીનગરના દરેક ઘરને સુકા-ભીના કચરા માટે બે અલગ-અલગ ડસ્ટબીન આપવા નિર્ણય કર્યો છે. જરૂરી હુકમો પણ થઈ ગયા છે. સંબંધિત વિક્રેતાને ઓર્ડર પણ થયો છે અને ખુબ જ ટૂંકા સમયમાં મહાનગરના ઘરે ઘરે બ્લ્યુ અને ગ્રીન ડસ્ટબીન પહોંચી જશે.

- **સવાણી અને સુંવાળાનું સુરસુરીયુ**

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં સેક્ટરે સેક્ટરે ભાજપ સામે દેકારા ને પડકારા કરતાં આમ આદમી પાર્ટીના બન્ને નેતાઓ મહેશ સવાણી અને વિજય સુંવાળાએ આપ છોડી ભાજપ પ્રતિ પ્રયાણ કર્યુ છે. 'વા ફરે વાદળ ફરે ફરે નદીના પૂર' જેવા આક્રમક ભાષણો કરનાર સુંવાળાને કમલમ્ ઘર જેવું લાગવા માંડ્યુ છે અને 'પાટીલ' પિતા જેવા લાગવા માંડ્યા છે. 'મને કોઈ ગોળી મારશે તો પણ આ માર્ગ પરથી પાછો નહીં હટું...' એવી બુલંદી વાતો કરનાર મહેશ સવાણીને પણ સાત મહિને બ્રહ્મજ્ઞાન થતાં 'આપ'નો છેડો ફાડી સેવાનો માર્ગ અપનાવ્યો... પણ વાતો બધી ગોળ ગોળ જ છે. એક જ વાક્યમાં કહેવુ હોય તો સાત જ મહિનામાં સવાણી અને સુંવાળાનું સુરસુરીયુ થઈ ગયું.

- **ભાજપમાં હિતેન્દ્ર પટેલનો સિતારો ચમકે છે**

ગાંધીનગર જિલ્લા ભાજપના કર્મઠ કાર્યકર્તા અને મધુર ડેરીના પૂર્વ ચેરમેન હિતેન્દ્ર પટેલની ગતિનો ગ્રાફ સડસડાટ ઉંચાઈઓ પ્રાપ્ત કરી રહ્યો છે. જિલ્લામંત્રીથી પદ મેળવવાનીશરૂઆત કરનાર હિતેન્દ્ર પટેલ હવે પ્રદેશ ભાજપના સહ પ્રવક્તા બની ગયા છે. છેલ્લા બે વરસથી ટીવી ડીબેટમાં આક્રમક મિજાજના દર્શન કરાવતા હિતેન્દ્ર પટેલને હવે મોકળુ મેદાન મળશે.


**પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. શુભમ (સુજલ) અશોકભાઈ કાપડિયા**
**તા. ૧૯/૦૧/૨૦૧૭**

રડી પડે છે આંખો અમારી, જોઈ તસવીર તમારી.
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી.
પલભરમાં તમે છેતરી ગયા, તમારો સદા હસમુખો ચહેરો
જોઈ ઈશ્વરને અમો પુછીશું, તમારે ખજાને શી ખોટ હતી કે
અમારે જેની જરૂર હતી તેની તમારે શી જરૂર પડી ?
પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના.

અશોકભાઈ રમણભાઈ કાપડિયા (પિતા)
લલિતાબેન અશોકભાઈ કાપડિયા (માતા)
તથા સમસ્ત કાપડિયા પરિવાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


## શહેરમાં ફરી ઠંડીનુ જોર વધ્યુ : પારો ૧૦.૮ ડીગ્રી

**ગઇકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉપર આવ્યો : આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટાની પણ સંભાવના**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ગત મહીના દરમિયાન અત્યંત આક્રમક બનતી ઠંડીનુ નવા વર્ષની શરૂઆતમાં જોર ઘટી ગયુ હતુ જ્યારે જાન્યુઆરી મહીનાના બીજા સપ્તાહમાં ઠંડીનો પારો સતત સિંગલ ડીઝીટમાં આવી જતા નગરજનોએ કાતિલ ઠંડીનો સામનો કરવો પડયો હતો. જો કે ઉતરાયણ બાદ ઠંડીનુ જોર હળવુ થતા શહેરીજનોએ રાહત અનુભવી હતી પરંતુ બે ત્રણ દિવસના અંતે ઠંડીનો મિજાજ ફરી આક્રમક બનવા તરફ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૦.૮ ડીગ્રીએ રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. સવારથી જ શહેરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ.

ગાંધીનગરમાં બે દિવસ ઠંડીમાં આંશિક રાહત અનુભવ્યા બાદ નગરજનોએ આજે ફરી આકરી ઠંડી વેઠવાનો વારો આવ્યો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૨.૩ ડીગ્રી રહ્યુ હતુ જ્યારે આજે ઠંડીના પારો ૧૦.૮ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ગત સપ્તાહ દરમિયાન ઠંડીનો પારો સતત સિંગલ ડીઝીટમાં રહ્યા બાદ લઘુત્તમ તાપમાન છેલ્લા બે ત્રણ દિવસથી ૧૦ ડીગ્રીને પાર થયુ હતુ. જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે લઘુત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ હતુ અલબત્ત ઠંડી વધી હતી. ઠંડીનુ જોર ફરી વધતા શહેરમાં ફરી એકવાર નગરજનો આક્રમક કોલ્ડવેવથી પરેશાન થાય તેવી સંભાવના છે.

હવામાન નિષ્ણાંતોના જણાંવ્યા મુજબ આગામી એકાદ દિવસમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા થવાની પણ સંભાવના છે. ગાંધીનગરમાં આ વર્ષે ઠંડીની મોસમ વિચિત્ર પુરવાર થઈ છે. અગાઉ ગત મહીના દરમિયાન ઠંડીનો પારો ૬.૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જેના લીધે છેલ્લા એક દાયકાની સૌથી વધુ ઠંડીથી નગરજનો ઠુંઠવાયા હતા. જયારે આકરી ઠંડીનુ જોર સતત પાંચ દિવસ સુધી યથાવત રહ્યુ હતુ ત્યારબાદ એકાદ દિવસ ઠંડીમાં રાહત અનુભવ્યા બાદ ઠંડીના પારાએ ફરી દોટ લગાવી હતી. અલબત્ત ઘણાં દિવસો સુધી લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીની નીચે રહેતા શહેર સતત કોલ્ડવેવના સંકંજામાં રહેતા નગરજનો પણ ગરમ કપટામાં લપેટાયેલા જોવા મળ્યા હતા.

જયારે નવા વર્ષની શરૂઆતમાં ઠંડીનુ જોર ઘટી ગયા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીના પારાની ચઢઉતર જોવા મળી રહી છે. જયારે જાન્યુઆરીના બીજા સપ્તાહમાં પણ ઠંડીનો મિજાજ ઉગ્ર રહ્યો હતો જેના લીધે સતત એક સપ્તાહ સુધી લઘુત્તમ તાપમાન ૭ થી ૮ ડીગ્રી વચ્ચે જોવા મળ્યુ હતુ જયારે આક્રમક કોલ્ડવેવના લીધે શહેરીજનો ઘરમાં પુરાયા હતા. જો કે ઉતરાયણ બાદ ધીમે ધીમે ઠંડીનુ જોર હળવુ થતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com